સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન : (079) 2674 7612-36 ફેક્ષ : (079) 2674 9048
www.spipa.gujarat.gov.in

ક્રમાંક : પરક્ષ /મહેસૂલ તલાટી/તાલીમાન્ત પરીક્ષા/ફેબ્રુઆરી/૨૦૧૬/ પ.પ્ર. તા. ૨૫/૦૧/૨૦૧૬

**વિષય :** –સીધી ભરતીના મહેસુલી તલાટીની પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા
તા. ૨૪/૦૨/૨૦૧૬ થી ૨૫/૦૨/૨૦૧૬

## <u>પરિપત્ર</u>

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા,અમદાવાદ ધ્વારા **મહેસૂલ વિભાગ**ના સીધી ભરતીના મહેસુલી તલાટીઓની પૂર્વ સેવાતાલીમાન્ત પરીક્ષા **તા.૨૪/૦૨/૨૦૧૬ થી ૨૫/૦૨/૨૦૧૬** દરમ્યાન યોજવાનું નકકી કરવામાં આવેલ છે. આ પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ અને હાજરીપત્રક પરિશિષ્ટ–'અ' માં અને પરીક્ષામાં બેસવા માટેના ઓળખપત્ર નો નમુનો પરિશિષ્ટ–'બ' માં આ સાથે સામેલ છે.

સંબંધિત કચેરીના વડાઓને જણાવવામાં આવે છે કે તેમની કચેરીના તાબા હેઠળના સબંધિત કર્મચારીઓને પરીક્ષાના કાર્યક્રમની સમયસર જાણ કરવી તેમજ પરીક્ષાની તારીખો દરમ્યાન તેઓને ફરજમુકત કરવા. પરીક્ષાર્થીઓએ નિયત નમૂના (નકલ સામેલ છે) માં ફોટા સહિત હાજરીપત્રક સહ ઓળખપત્રમાં તમામ વિગતો ભરી કચેરીના વડાના સહી–સિકકા સાથે પરીક્ષા સમયે સાથે લાવવાનુ રહેશે.

સદરહુ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ તેઓના અરજીપત્રકો આ સાથે બિડેલ પરિશિષ્ટ–'ક' માં ભરી કચેરીના/ખાતાના વડાના સહી સિકકા સાથે તા.૦૯/૦૨/૧૬ સુધીમાં મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરીએ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા ઉમેદવારોની યાદી તા.૧૬/૦૨/૧૬ સુધીમાં આ સંસ્થાને મોકલી આપવા વિનંતી છે.

જે પ્રશ્નપત્રના જવાબ પુસ્તક સાથે રાખીને લખવાના હોય તેમાં પરીક્ષાને લગતા સરકારી પ્રકાશનો તથા ફકત બેરટેક્ષનો જ ઉપયોગ કરવા દેવાની નોંધ પરીક્ષાર્થીઓને ઘ્યાને લાવવી.

સ્પીપા ધ્વારા લેવાતી દરેક ખાતાકીય પરીક્ષા હેતુલક્ષી પ્રકારની રાખવાનુ નકકી થયેલ છે. પ્રસ્તુત પરીક્ષાના **પ્રશ્નપત્ર–૧ થી પ્રશ્નપત્ર–૩** હેતુલક્ષી પ્રકારના રહેશે. જયારે **પ્રશ્નપત્ર–૪** વર્ણનાત્મક પ્રકારનું રહેશે.

### <u>હેતુલક્ષી પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓઃ–</u>

(૧) પરીક્ષાના પ્રશ્નપત્રો૧૦૦ માર્કના રહેશે અને દરેક પ્રશ્ન ચાર વિકલ્પો સાથેનાં હેતુલક્ષી પ્રકારના રહેશે.
(૨) પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહી OMR શીટમાં જ લખવાના રહેશે.
(૩) જવાબ Black/Blue બોલપેનથી ફકત ( ● ) કરીને આપવાનો રહેશે.
(૪) ઉત્તરવહી પર નિયત જગ્યાએ તમારો બેઠક નંબર અવશ્ય લખવો.
(૫) ઉત્તરવહીની ઉપર પેપર નંબર તેમજ વિષય અવશ્ય લખવો.
(૬) આ પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ ૦.૨૫ % છે.

**સૂચના** : પરીક્ષા સમયે પરીક્ષાર્થીએ પોતાની પાસે મોબઈલ રાખવા નહી. પરીક્ષાર્થીઓએ પોતાના મોબાઈલ પરીક્ષાખંડની બહાર પોતાના જોખમે મુકવાના રહેશે.

એસ.એલ.અમરાણી(I.A.S.)
નાયબ મહાનિર્દેશક
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા
અમદાવાદ

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરી, સરદાર ભવન, બ્લોક નં.૧૧/૭, સચિવાલય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u> :–

- જિલ્લા કલેકટરશ્રી, (તમામ)...............................જાણ તથા જરુરી કાર્યવાહી અર્થે
- ઉપસચિવશ્રી,"ન" શાખા, મહેસૂલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

# પરિશિષ્ટ – અ

## પરીક્ષાનો કાર્યક્રમ અને પરીક્ષાર્થી નું હાજરીપત્રક

| ક્રમ | તારીખ | સમય | પ્રશ્નપત્ર | જવાબપોથી નો નંબર | ઉમેદવાર ની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫. | ૬. |
| ૧ | તા.૨૪/૦૨/૨૧૬ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | પેપર–૧ (અંશતઃપુસ્તકો સાથે) | | |
| ૨ | તા.૨૪/૦૨/૨૧૬ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | પેપર–૨ (અંશતઃપુસ્તકો સાથે) | | |
| ૩ | તા.૨૫/૦૨/૨૧૬ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | પેપર–૩ (અંશતઃપુસ્તકો સાથે) | | |
| ૪ | તા.૨૫/૦૨/૨૧૬ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | પેપર–૪ પુસ્તકો સિવાય | | |

નોધ :–

(૧) જો કોઈ પ્રશ્નપત્રમાં ઉમેદવાર ગેરહાજર રહે તો નિરીક્ષકે કોલમ–૫ માં ગેરહાજર શબ્દ લખી કોલમ–૬ માં સહી કરવી.

(૨) પરીક્ષાર્થી એક કરતાં વધુ તકથી બેસતો હોય અને અગાઉની પરીક્ષામાં મુકિત મળેલ હોય તો કયા પ્રશ્નપત્રમાં કયારે મુકિત મળી તે અત્રે જણાવવું.

| ક્રમ | મુકિત મળેલ પ્રશ્નપત્ર નંબર | પ્રશ્નપત્ર વિષય | મુકિત કયારે મળી જાહેરનામાનો નંબર |
|---|---|---|---|
| | | | |